શેરથા પાસે ટેન્કરની ટકકરે એક યુવતીનું મૃત્યુ

રસ્તાનું કામ ચાલતુ હોવાથી વન-વે કરેલો હતો : ટેન્કર ચાલક આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક સ્થિત શેરથા ટોલટેક્ષ પાસે કસ્તુરીનગર જવાના માર્ગ પર ગઈ મોડી સાંજે ટર્બો ટેન્કર અને એકસેસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એકસેસ ચાલક ૧૯ વર્ષની યુવતીનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી યુવતીનો મૃતદેહ પી.એમ. કરાવી આરોપી ટેન્કર ચાલકની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ ગઈ મોડી સાંજે ગાંધીનગર નજીક શેરથા ટોલટેક્ષ પાસે કસ્તુરીનગર જતાં સર્વિસ રોડ પર એકસેસ અને ટર્બો ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રસ્તાનું સમારકામ ચાલી રહ્યું હોવાથી વન-વે કરવામાં આવેલો હતો. ટેન્કર અને એકસેસ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં અડાલજ સ્થિત શ્રીનાથ રેસીડેન્સીમાં રહેતી ૧૯ વર્ષીય યુવતી રોશની વિનોદભાઈ કાપડીયાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘટનાની જાણ થતા જ અડાલજ પોલીસ મથકનાં જમાદાર કાનજીભાઈ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી પરીવારજનોને જાણ કરીને ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી ટેન્કર જપ્ત કરી લીધો હતો. ટેન્કર ચાલક મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં સ્થિત વડુ ગામના રાજુ તસાજી ઠાકોરની ધરપકડ કરી લઈ અડાલજ પોલીસે તપાસ શરુ કરી છે.

અમદાવાદ તરફથી આવતી બસો માટે ઘ-૧ પર બસ સ્ટેન્ડ જ નથી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ઘ-રોડ પર ઘ-૧ ખાતે શહેરી બસ સર્વિસનું બસ સ્ટોપ ફાળવવામાં આવેલ છે પરંતુ અહીં બસ સ્ટેન્ડનું નામોનિશાન નથી જે કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ રોડ પર ઘ-૧ ખાતે અમદાવાદ તરફ જવા માટેનું બસ સ્ટેન્ડ છે પરંતુ અમદાવાદથી આવતી બસો માટેનું બસ સ્ટેન્ડ ન હોઈ મુસાફરો મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે.

તાજેતરમાં વાઈબ્રન્ટ સમિટ અન્વયે ગાંધીનગરના તમામ બસ સ્ટોપનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું પરંતુ આ જગ્યાએ બસ સ્ટોપ ફાળવેલુ હોવા છતાં સ્ટેન્ડ બનાવાયુ નથી જેથી સત્વરે સ્ટેન્ડ બનાવાય તેવી મુસાફર જનતામાં માંગ ઉઠવા પામી છે. હવે શિયાળાની ઋતુ પુરી થવામાં હોઈ આગામી ઉનાળાની ગરમીના દિવસોને ધ્યાનમાં રાખીને મુસાફરોને તડકામાં ના ઉભા રહેવુ પડે તે માટે સત્વરે બસ સ્ટેન્ડ બનાવાય તેવુ આસપાસના રહીશો ઈચ્છી રહ્યા છે.

ડીએલએસએ દ્વારા પારા લીગલ વોલેયન્ટર્સની નિમણુંક કરાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પારા લીગલ વોલેન્ટર્સ ટ્રેનીંગનું આયોજન કરી પારા લીગલ વોલેન્ટર્સની નિમણુંક કરવામાં આવનાર છે. જે લોકો પારા લીગલ વોલેન્ટર્સ તરીકે કાર્ય કરવા માગંતા હોય તેમને તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સુધીમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમાંથી અરજીનો નિયત નમૂનો લઈ અરજી કરવા જણાવાયું છે.

પારા લીગલ વોલેન્ટર્સ માટે શિક્ષક-નિવૃત્ત શિક્ષક, નિવૃત્ત સરકારી કર્મચારી અથવા સીનીયર સીટીઝન, એમ.એસ. ડબલ્યુ વિદ્યાર્થી અથવા શિક્ષક, ડોકટર, વકીલાત ના કરતા હોય તેવા કાયદાના વિદ્યાર્થી અથવા બીન રાજકીય સભ્યો, એનજીઓ, વુમન નેબરહુડ ગૃપના સભ્યો, મૈત્રી, સંગમ અને બીજા સેલ્ફ ગૃપના સભ્યો કાર્ય કરી શકે છે. પારા લીગલ વોલેન્ટર્સને ડીએલએસએ દ્વારા માનદ વેતન વખતો વખત નક્કી કરાય છે તે સિવાય અન્ય પગાર કે મહેનતાણું હોતું નથી. ઉપરોકત લાયકાત યોગ્યતા ધરાવતા વ્યકિતઓએ ડીએલએસએમાંથી નિયત અરજી નમુનો મેળવી તે સાથે જરુરી દસ્તાવેજ બીડી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સુધીમાં ડીએલએસએ માં જમા કરાવવાના રહેશે તેવું પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.સી. રાવે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં લાયસન્સ કે બેઝ વગર રીક્ષા હંકારવાનો વિકસતો વ્યવસાય

પોલીસનું મહત્વના પુરાવાની ચકાસણી તરફે બે ધ્યાન, મુસાફરોની અમુલ્ય જિંદગી સાથે ચેડાં

ગાંધીનગર, તા. ૨૯

રાજયભરમાં પોલીસ દ્વારા ટ્રાફીક એજયુકેશન ડ્રાઈવનું તાજેતરમાં આયોજન કરી વાહનોના દસ્તાવેજી પુરાવા તથા વાહન હંકારતી વખતે ધ્યાન રાખવા જેવી બાબતો માટે કડક ઝુંબેશ હાથ ધરી હતી. અને માર્ગ સલામતી માટે ટ્રાફિક નિયમોનું પાલન કરવા આગ્રહ રખાતો હતો. પરંતુ ગાંધીનગરના માર્ગો ઉપર દોડતી રીક્ષાઓના ચાલકો લાયસન્સ કે બેઝ વગર રીક્ષા હંકારતા હોવાના ચોંકાવનારા અહેવાલો પ્રાપ્ત થયા છે. જેમાં પોલીસની બેદરકારી પણ બહાર આવી છે અને મુસાફરો અજાણતા જ પોતાની જિંદગીને હોડમાં મુકી રહ્યા છે.

ગાંધીનગર તથા આજુબાજુના વિસ્તારોમાં માર્ગો ઉપર ફરતી રીક્ષાઓ જીવતા બોમ્બ જેવી હોવાના સમાચાર મળ્યા છે. ગાંધીનગર વિસ્તારમાં ફરતી અડધાથી વધુ રીક્ષાઓના ચાલકો પાસે લાયસન્સ કે બેઝ ન હોવાની ગુપ્ત માહિતી સુત્રો પાસેથી સાંપડી છે. માર્ગ સલામતી સપ્તાહ કે ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવના નામે પોલીસના દેખાવો ફક્ત કાર્યક્રમ પુરતા સિમિત રહેતા હોવાનું સંજોગો જણાવી રહ્યા છે. ગાંધીનગર, ચિલોડા, અડાલજ, રાંધેજા, પેથાપુર, ઈન્દીરાબ્રિજ જેવા અનેક સ્થળોએથી ભરચક મુસાફરોને લઈ ફરતી રીક્ષાઓના ચાલકો લાયસન્સ કે બેઝ વગર બિન્દાસ પોલીસની નજર સમક્ષથી પસાર થાય છે. પરંતુ મહત્વના પુરાવાની ચકાસણીની પોલીસ તસ્દી પણ ન લેતી હોવાનું બહાર આવ્યું છે. પોલીસ તમામ બાબતોથી વાકેફ હોવા છતાં આ અંગે આંખ આડા કાન કરી પોતાની આવકને ધ્યાન રાખતી હોવાનો આક્ષેપ પણ કેટલાક મુસાફરોએ કર્યો છે.

માહિતગાર સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રીક્ષા માલિકો પાસેથી ચાલકો દૈનિક ભાડા ઉપર રીક્ષા લાવી હંકારતા હોય છે અને રીક્ષા માલિક પણ ચાલક પાસે લાયસન્સ કે બેઝની તપાસ કર્યા વગર નફો રળી લેવાની લ્હાયમાં મુસાફરોની અમુલ્ય જિંદગી સાથે ચેંડા કરી રહ્યા છે. રીક્ષા ચલાવવાનો આ રીતનો ગેરકાયદેસર વેપલો ગાંધીનગરમાં ફુલ્યોફાલ્યો છે ત્યારે આ અંગે જિલ્લા પોલીસવડા ખાનગી રીતે તપાસ કરી ચમામ રીક્ષાઓની માહિતી અને ચાલકના લાયસન્સ અને બેઝની ચકાસણી હાથ ધરે તો મસ મોટુ જીવલેણ કારસ્તાન બહાર આવવાની શકયતાઓ પણમુસાફરો સેવી રહ્યા છે. એકંદરે નિર્દોષ મુસાફરોની જીંદગી સાથેની આ રમત અટકાવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનાં ઉપક્રમે શનિવારે 'ગુજરાતી કવિતામાં છંદ પ્રયુકિત અને પ્રયોગ' કાર્યક્રમ યોજાઈ ગયો. હાજર મહેમાન મહાનુભાવોએ માતૃભાષા પર વિશેષ ભાર મુકયો હતો તેમજ ગુજરાતી કવિતામાં વિશેષ કરી છંદ પ્રયોગ વિશે કોલેજ વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

આયુર્વેદિક દવાને બદલે એસીડ પી ગયેલા સ્વામીનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૯

બે સપ્તાહ પહેલા ૧૬ જાન્યુઆરીએ રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં સેક્ટર-૨૩ ખાતે સ્થિત સ્વામિનારાયણ મંદિરના સ્વામી શ્રીરંગ (ઉં.વ.૩૨) આયુર્વેદિક દવાને બદલે એસીડ પી જતાં ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા બે સપ્તાહથી હોસ્પિટલમાં મૃત્યુ સામે ઝઝુમી રહેલા શ્રી રંગ સ્વામીનું ગઈ સાંજે સારવાર દરમ્યાન મૃત્યુ થવા પામ્યુ હતુ. સેક્ટર-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઝીણવટભરી તપાસ આરંભી છે.

સાબરમતી સાયકલોથોન રેસમાં ૫૦ કિ.મી. સાયકલની સફળ સવારી

અમદાવાદ ખાતે અરવિંદ સાબરમતી સાયકલોથોનની સતત ત્રીજે વર્ષે સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૧૦૦ કિ.મી. સેન્ચુરી, ૫૦ કિ.મી. હાફ સેન્ચુરી અને ૧૬ કિ.મી. ડ્રીમ સાયકલીંગ જેવા વિભાગમાં ૬૦૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર રનર્સ ગૃપના સભ્ય સંજય થોરાતે હાફ સેન્ચુરી એટલે કે ૫૦ કિ.મી.ની રેસમાં ભાગ લઈ બે કલાક ૫૧ મિનીટમાં આ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરીને ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. આ એમની સળંગ બીજી સાયકલોથોન સ્પર્ધા હતી. હજી આ મહિનાના પ્રથમ રવિવારે જ એમણે સફલ હાફમેરેથોન સ્પર્ધામાં ૨૧.૦૯૭ કિ.મી.ની સફળ દોડ લગાવી હતી. ગાંધીનગર રનર્સ ગૃપના ૨૨ સભ્યો આવતે મહીને યોજાનાર સાબરમતી હાફ મેરેથોનમાં ભાગ લેવા જઈ રહ્યાં છે, અને એમાં સંજય થોરાત પણ દોડશે. સ્પોટર્સ પરિવાર સાથે સંકળાયેલા તેઓ ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગર સમાચાર, આત્મન ફાઉન્ડેશન, મહારાષ્ટ્ર સમાજ, સદવાંચન પરિવાર જેવી વિવિધ સંસ્થામાં સક્રિય છે. કલ્પતરૂ કંપનીમાં કામ કરતા સંજય થોરાતને સાયકલોથોનમાં ફિનીશરનો મેડલ મળતાં ગાંધીનગર શહેર ગૌરવ અનુભવે છે.

શિશુવિહાર સંસ્થાના અમૃત મહોત્સવ વર્ષ પ્રસંગે શ્રમિક વિસ્તારના નાગરિકોને સાંકળી વિવિધ ૫૪૩ પ્રવૃત્તિઓ થકી ૬ લાખ લોકોને લાભાન્વિત કરનાર સેવા સંકુલના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટનું ભાવગતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા તથા ભાવનગરના કુંવર વિજયરાજસિંહના વરદ્‌હસ્તે સન્માન થયું. સંતશ્રેય ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં શ્રી બજરંગદાસ બાપા આશ્રમના અધ્યક્ષશ્રી મનજીબાપાએ વિશેષ ઉપસ્થિતિ દાખવી આશીર્વાદ પાઠવ્યા હતા.

સંત સરોવરમાંથી સળીયા ચોરી જનાર શખ્સ પકડાયો

૧૩૦ કિલો લોખંડના સળીયા ચોર્યા હોવાની ઈન્દ્રોડાના શખ્સની કબુલાત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર પાસેના ઈન્દ્રોડા ગામના એક શખ્સને ગઈ રાત્રે ગાંધીનગર એલસીબીની ટીમે શંકાસ્પદ હાલતમાં પકડીને ઈન્ફોસીટી પોલીસને સોંપ્યો હતો. આ શખ્સે થોડા સમય પહેલા સાબરમતી નદીના તટ પર સંત સરોવર પાસેથી ૧૩૦ કિલો લોખંડના સળીયા ચોરી કર્યા હોવાની કબુલાત કરતાં ઈન્ફોસીટી પોલીસે તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એલસીબીની ટીમને ગઈ રાત્રે એક શકમંદ મળી આવ્યો હતો. ઈન્દ્રોડા ગામના વાણીયા વાસમાં રહેતા વિજય માધાજી ઠાકોર નામના આ શખ્સને એલસીબીએ તેને પકડીને ઈન્ફોસીટી પોલીસને સોંપી દીધો હતો. ઈન્ફોસીટી પોલીસે તેની પુછપરછ કરતાં ડીસેમ્બર માસમાં તેણે જુના સંત સરોવર પાસેથી ૧૩૦ કિલો લોખંડના સળીયા ચોરી કર્યા હોવાની કબુલાત કરી લીધી હતી. થલતેજના રહેવાસી પ્રહલાદભાઈ પટેલની ફરીયાદ લઈ ઈન્ફોસીટી પોલીસે વિજય ઠાકોર સામે ચોરીનો ગુનો દાખલ કરી ચોરીનો મુદ્દામાલ રીકવર કરવા માટે તજવીજ શરુ કરી છે. રૂ. ૫૨૦૦ની કિંમતના લોખંડના સળીયાની ચોરી ઉપરાંત અન્ય કોઈ ચોરીમાં તેની સંડોવણી છે કે કેમ? તે અંગે પણ ઝીણવટભરી પુછપરછ જમાદાર લક્ષ્મણસિંહે શરુ કરી છે.

નગરમાં સૌથી વધુ ભણેલા, સમજદાર, બુદ્ધિજીવી નાગરિકો વસતા હોવા છતાં વારંવાર સફાઈ પરત્વે અગ્રીમતાના વાક્યોનું જાણે હનન થઈ રહ્યું છે. સ્વચ્છ ભારત અભિયાન સરકાર તરફથી પુરતા પ્રયત્નો ચાલુ છે, પણ જન માનસ ક્યારે જાગૃત થશે ? (તસવીર : કશ્યપ નિમાવત)

તાલુકા આયોજન એટલસનું મુખ્યમંત્રીએ વિમોચન કર્યું

અમદાવાદ, તા.૨૯

આનંદીબેન પટેલ સર્વાંગી ગતિશિલ વિકાસની દિશામાં ગુજરાતની નવતર પહેલ રૂપે આજે તાલુકા પ્લાનિંગ એટલાસનું વિમોચન કર્યું હતું મુખ્યમંત્રીએ આ એટલાસ તાલુકા વિકાસ કામોના માઈક્રો આયોજનથી સર્વાંગી વિકાસની નેમ અને વિકાસમાં પરદર્શીતા વિકેન્દ્રીયકરણને નવો મોડ આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર દ્વારા રાજય સરકારના આયોજન પ્રભાગના માર્ગદર્શન હેઠળ બાયસેગથી મદદથી આ એટલાસમાં ગ્રામ્ય અને તાલુકા કક્ષાની વિવિધ સુવિધાઓની વિગતો નકશા સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ તાલુકા પ્લાનીંગ એટલાસમાં ગ્રામ્યકક્ષાના વિકાસના જુદા જુદા સુચકાંકોની વિગતો ૧૦૦ જેટલા નકશાઓમાં આવરી લેવામાં આવેલ છે. આ એટલાસની મદદથી તાલુકા કક્ષાએ વિકાસ અંગેના નિર્ણયો લેવામાં પારદર્શિકતા અને તાર્કિકતા આવશે જેનાથી વિકેન્દ્રીત આયોજન વધુ મજબુત બની શકશે. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની સંયુકત કોન્ફરન્સમાં મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ તાલુકા પ્લાનીંગ એટલાસનું વિમોચન કરીને સર્વાંગી વિકાસ અંગે આયોજન તરફ આ વધુ એક પહેલ કરેલ છે. આયોજન મંક્ષી સૌરભભાઈ પટેલ, આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ, રા.ક.પંચાયત મંત્રી જયતિભાઈ કવાડીયા, મુખ્ય સચિવ ડી.જે. પાંડીયન અને અન્ય ઉચ્ચ અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. અન્ને એટલાસમાં ૧૦૦ જેટલા નકશાઓ તૈયાર કરીને જે તે તાલુકાના ગામોમાં ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ જુદી જુદી સુવિધા પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ડેરીસ, પશુ દવાખાના, કોલ્ડ સ્ટોરેજ વગેરેની વિગતો દર્શાવેલ છે. તદ ઉપરાંત, એટલાસમાં પીવાનું પાણી, સેનીટેશન, વીજકરણ વગેરેની રહેણાંક કક્ષા સુધીની માહિતી પણ દર્શાવવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧
સૂર્યાસ્ત : ૬.૨૬

તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૮.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

ઉડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્ક્રીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્ક્રીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦,૧૦.૦૫

આપની આજ

મેષ : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બનેછે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શકયતાઓ રહેલી છે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

● સ્વ. ચંદાબેન જયંતિભાઈ રાવળ (ઉ.વ.૪૭) મુ. ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર